# <u>જાહેર નોટીસ</u>

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લા અદાલત, દાહોદ ખાતે આવેલ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,દાહોદ તથા તાલુકા અદાલત ખાતે આવેલ તાલુકા કાનુની સેવા સમિતી, દાહોદ, ઝાલોદ,ફતેપુરા મુકામે કાનુની સલાહ તથા સુચનો પુરા પાડવા તથા જાગૃતિ કાર્યક્રમો કરવા તેમજ પક્ષકારોને સલાહ તથા યોગ્ય સુચનો પુરા પાડવા પેરા લીગલ વોલીયન્ટર્સ( કાનુની સહાયક સ્વંયમસેવક ) ની નિયુકતી કરવા માટે પેરા લીગલ વોલીયન્ટર્સ ( કાનુની સહાયક સ્વંયમસેવક ) તરીકે રસ ધરાવતા મહિલા અને પુરુષ નીચે મુજબના સરનામે તા. ૨૦/૦૭/૨૦૨૬ સુધીમાં પોતાના સ્થાનિક જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દાહોદ તથા તાલુકા કોર્ટમા, તાલુકા કાનુની સેવા સમિતી જેમ કે દાહોદ,ઝાલોદ, ફતેપુરા ખાતે નીચે આપેલ લીન્ક ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી ફોર્મ ભરી આધાર પુરાવા રજુ કરી બંધ કવરમા જમા કરાવવા વિનંતી છે.

<u>Link : https://dahod.dcourts.gov.in/notice-category/recruitments/</u>

વધુમાં જણાવવાનું કે સદર હોદ્દા માટે તમોને કોઈ પગાર,વળતર કે મહેનતાણુ ચુકવવામાં આવશે નહી પરંતુ તમારી કામગીરી મુજબ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,દાહોદ તરફથી વખતો વખત નકકી થયેલ માનદવેતન ચુકવવામાં આવશે.

<u>અરજી કરવા માટેનું સંર્પક સ્થળ</u> :– દાહોદ તાલુકાના રહેવાસીએ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ તથા તાલુકા કાનુની સેવા સમિતી,દાહોદ, જીલ્લા અદાલત,દાહોદ.

:– તાલુકા કાનુની સેવા સમિતી, તાલુકા કોર્ટ, ઝાલોદ,ફતેપુરા.

<u>પેરા–લીગલ વોલીયન્ટર્સ આ પ્રમાણેના હોઈ શકે–</u>

– કોમ્યુનીટી વર્કર્સ
– શિક્ષકો
– વિદ્યાર્થીઓ
– આંગણવાડી કાર્યકરો
– તબીબો
– બિનસરકારી સંસ્થાઓ અને અન્ય સ્વયં સહાય કરતા સમૂહો.

**સહી/ અવાચ્ય**
કુલટાઈમ સેક્રેટરી
જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
દાહોદ.

**નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.**
(૧) મામલદારશ્રી ની કચેરી,દાહોદ
(૨) નગર પાલીકા, દાહોદ
(૩) તમામ તાલુકા મથકમા આવેલ તમામ સરકારી/ અર્ધસરકારી સંસ્થાના નોટીસ બોર્ડમા પ્રસિધ્ધ થવા સારૂ.